# <u>અમદાવાદ (ગ્રામ્ય) ના અધિક ચીફ જયુ.મે.જી (ફ.ક) ની કોર્ટમાં</u>

**ફોજદારી કેસ નં.૮૨૯૫/૨૦૧૮**
**આંક:**

ફરિયાદી: સરકારશ્રી

વિરુધ્ધ

આરોપી : અશોકભાઈ વિઠ્ઠલભાઈ પ્રજાપતિ

<u>ગુન્હો:</u> ગુજરાત નશાબંધી ધારાની કલમ:૬૬(૧)બી,૬૫(૧)૩ વિગેરે

:: <u>ચુ કા દો</u> ::

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે આરોપી સામે ગુજરાત નશાબંધી ધારાની કલમ: ૬૬(૧)બી,૮૫(૧)૩ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવે છે.

આજરોજ ના. નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પે સીટીંગ રાખેલ છે.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓએ પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે.

(૩) આરોપી વિરુધ્ધ ચાર્જફ્રેમ કરી પ્લી રેકર્ડ કરતા ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૪) આરોપીએ ગુન્હા કબુલાત પુરસીસ આપી એમાં જાહેર કરેલ છે કે, મારો આ પ્રથમ ગુનો છે અમો સામાન્ય અને ગરીબ વર્ગના છીએ, અમારે કોઈ સ્થિર ધંધો નથી, અમો છુટક મજુરીનું કામ કરીએ છીએ, અમોને મજુરી પણ દરરોજ મળતી નથી જેથી અમો અમારું તેમજ અમારા કુંટુંબનું ગુજરાન કરી શકીએ તેવી સ્થિતિમાં ન હોવાથી અને તનાવમાં ગુનો થઈ ગયેલ. અમોએ દારુ પીધેલ હાલતમાં કોઈ સાથે ઉપદ્રવ કરેલ નથી, ઝઘડો કરેલ નથી, અસભ્ય વર્તન કરેલ નથી. અશિસ્ત ભાષા વાપરેલ નથી કે મારા–મારી કરેલ નથી અને આ મુજબનો અમારા વિરુધ્ધ આક્ષેપ પણ નથી. ચાર્જશીટના કોલમ નં.૫ માં જાહેર રસ્તામાં વગર પાસ પરમીટે દારુ પેધેલ હાલતમાં છાટકો બની લથડીયા ખાતો મળી આવ્યાં માત્રનો આક્ષેપ છે અમારી આર્થિક પરિસ્થિતિ સારી ન હોય ઉપરાંત રાજગાર પણ ન હોય ટ્રાયલ ચાલતાં દરમ્યાન અમારે વારંવાર આવવાની જરૂર પડે ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાનીજરૂરીયાત રહે અને અમોને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય જે તમામ હકીકકતોએ આ અમારો પ્રથમ

ગનો હોઈ અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અને કોર્ટની કાર્યવાહીમાં સમય અને નાણાનો વ્યય અમારો તથા કોર્ટનો ન થાય તેવા ઉદેશથી વિનમ્ર માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારીએ છીએ.

(૪.૧) આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવે છે.

(૫) તમામ રેકર્ડ ઉપરની હકીકત લક્ષમાં લેતાં વગર પાસ પરમીટે દારુ પી છાટકો બની લથડીયા ખાતો હોવા સંદર્ભે આક્ષેપ છે આરોપી વિરુઘ્ધ ફરિયાદ પક્ષનો એવો કોઈ આક્ષેપ નથી કે દારુ પીધેલ હાલતમાં કોઈ સાથે ઉપદવ કરી, ઝઘડો કરી, અસભ્ય વર્તન કરી અશિસ્થ ભાષા વાપરી કે મારા–મારી કરેલઆ ગુનાની ટ્રાયલ માટે હાલના કામનો સરકારી અમલદાર ફરિયાદી,સરકારી અમલદાર સાહેદ, પંચો, સરકારી અધિકારી ડોકટર સાહેદ અને સરકારી અધિકારી તપાસ કરનાર અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસની સાથે નવા દાખલ થતાં કેસોનું પ્રમાણ લક્ષમાં લેતાં ટુંકા સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહી. આરોપીનો સમય, ફરિયાદ પક્ષે સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોના સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયીક હુકમ કરવામાં આવે તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો કબુલે છે ત્યારે તેણે ગુના કબુલ સંદર્ભે રજૂ કરેલી હકીકત તેની સાથે સરકાર તથા કોર્ટનો અને લીટીગન્ટનોજ સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં યુટીલાઈઝ કરી શકાય તેમ હોઈ ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિઓને ઘ્યાને લઈ તેમજ <u>ગુજરાત રાજય વિ.નટવર હરચંદજી ઠાકોરના</u> ૨૦૦૫ (૧) જી.એલ.આર.૭૦૯ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંત ઘ્યાને લઈ નકકી કરેલી મીનીમમ સજા કરતાં ઓછી સજા કરીને મીનીમમ દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાઈ રહે તેમ હોઈ ઉપરોકત સંજોગો ઘ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબ હુકમ કરું છું.

<u>હુ ક મ</u>

ક્રિ.પ્રો.કો.કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી આરોપીને ધી પ્રોહી.એકટની કલમ –૬૬(૧) (બી),૮૫(૧)(૩) મુજબના ગુન્હા બદલ કોર્ટ ઉઠતાં સુધીની તથા રૂ.૫૦૦ અંકે રૂપિયા પાંચસો પુરાનો દંડ ભરાવનો હુકમ કરવામાં આવે છે. અને જો દંડ ન ભરે તો દિન– ૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૦૮ માહે ડિસેમ્બર સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ–અમદાવાદતારીખ: ૦૮–૧૨–૨૦૧૮ ( ડી.વાય. પટેલ )

૧૦માં વધારાના જયુડી મેજી.ફ.ક.

મીરઝાપુર, અમદાવાદ (ગ્રામ્ય)